# ઓસ્ટ્રેલિયા- ન્યૂઝીલેન્ડની શિક્ષણવ્યવસ્થા

ઓસ્ટ્રેલિયા ન્યૂઝીલેન્ડની શિક્ષણ વ્યવસ્થા વિષે કેટલીક બાબતો જાણવી સૌ વાચકો માટે રસપ્રદ બની રહેશે. જેમાંથી કેટલીક સારી બાબતોનો અમલ આપણે કરીએ તો કેવું ?

અહી ધો. ૧ થી ૬ એ પ્રાથમિક શિક્ષણ, ૭ થી ૯ એ સેકન્ડરી એટલે કે ઇન્ટર મિડિએટ, ૧૦ થી ૧૩ એ કોલેજ શિક્ષણ અને ત્યારબાદ યુનિવર્સિટી એટલે કે ઉચ્ચ શિક્ષણ. અહી સાક્ષરતાનો દર ૯૯ ટકા છે. આમ છતાં ૧૪ થી ૧૭ ટકા પાસે જ સ્નાતક કે ઉચ્ચશિક્ષણની લાયકાત છે. સૌથી વધારે ૩૦ ટકા સેકન્ડરી શિક્ષણ મેળવે છે. ૨૨ ટકા પાસે શિક્ષણની કોઈ જ ઔપચારિક લાયકાત નથી. એટલે કે સેકન્ડરી શિક્ષણ કરતા પણ ઓછું શિક્ષણ છે.

અહી ૯૫ ટકા જેટલી શાળાઓ સરકારી છે, માત્ર ૫ ટકા જેટલી જ પ્રાયવેટ એટલે કે ખાનગી છે<u>. દરેક વિસ્તારમાં સરકારી શાળા હોય જ. જે તે વિસ્તારમાં રહેતાં વિદ્યાર્થીએ તે જ વિસ્તારની શાળામાં અભ્યાસ કરવો ફરજીયાત છે.</u> અહી દરેક શાળાને જે તે વિસ્તારની આર્થિક આવકને આધારે રેટિંગ આપવામાં આવે છે. જે શાળા ધનિક વિસ્તારમાં હોય તેનું રેટિંગ ઊંચું હોય છે અને જેમ આર્થિક રીતે નબળો વિસ્તાર વધુ તેમ રેટિંગ નીચું હોય છે. પણ આપણે શીખવા જેવી બાબત એ છે કે , અહી ધનિક વિસ્તારમાં આવેલી શાળા કે જેનું રેટિંગ ઊંચું છે તેને સરકારી સહાય ગ્રાન્ટ ઓછી ફાળવવામાં આવે છે અને નબળા વિસ્તારમાં આવેલી શાળા કે જેનું રેટિંગ નીચું છે તેને વધુ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આપણે ત્યાં આનાથી ઉલટું છે.

અહી કોઈ બાળક શાળામાં ગેરહાજર રહેવાનું હોય તો તેની જાણ વાલીએ શાળાને કરવી પડે છે. પણ ત્રણ દિવસમાં વાલી શાળાને જાણ ન કરે તો શાળા વાલીનો ટેલીફોનિક સંપર્ક કરે છે. જો વાલીનો સંપર્ક ન થાય તો વાલીએ આપેલ ઈમરજન્સી કોન્ટેક્ટ પર સંપર્ક કરવાનો પ્રયત્ન કરશે અને જો ત્યાં પણ સંપર્ક ન થાય તો અંતે શાળા પોલીસને જાણ કરશે. ક્યારેક કોઈ વાલીને પોતાનું ગામ કે શહેર છોડીને અન્ય જગ્યાએ વધુ દિવસ સુધી કુટુંબ સાથે જવાનું થાય ત્યારે તે વાલી પોતાના બાળકને જે ગામ કે શહેરમાં જાય ત્યાં જે જગ્યાએ રહે ત્યાંથી નજીકની શાળામાં પોતાના બાળકને અભ્યાસ માટે મૂકી શકે છે. અહી જે તે વિસ્તારની શાળાએ પેલા વિદ્યાર્થીને થોડા દિવસ માટે પણ પ્રવેશ આપવો પડે.

અહીની એક વ્યવસ્થા ખૂબ જ ગમી. અહી <u>દરેક વર્ગ પાસે કે મેદાનમાં એક પાટલી – બેન્ચ હોય છે. જેણે બડી બેન્ચ ( buddy bench ) – સાથી મિત્ર વાળી પાટલી. કહે છે. એટલે કે, જો કોઈ વિદ્યાર્થી ઉદાસ છે , તેને કોઈ મુશ્કેલી છે, તો તે વિદ્યાર્થી આ પાટલી પર આવીને બેસે છે. બડી બેન્ચ પર બેઠેલ વિદ્યાર્થીને મદદરૂપ થવા અન્ય વિદ્યાર્થીઓ તરત જ આવે છે અને તેને સહાય કરે છે.</u>

આપણા દેશની શાળામાં કોઈ વિદ્યાર્થીએ કોઈ શાળામાં ધોરણ એકના ‘ક’ વર્ગમાં પ્રવેશ લીધો છે. તો પછી તે પાસ થાય ત્યારે આગલા ધોરણના ‘ક’ વર્ગમાં જ જાય છે. એટલે કે તમારા વર્ગના જે ૫૦-૬૦ વિદ્યાર્થીઓ

હતા તેની સાથે જ તમે પાસ થઈને સતત અભ્યાસ કરો છો. જયારે અહી એવું નથી. વિદ્યાર્થીનો વર્ગ દરેક વર્ષે બદલાય છે. આમ વિદ્યાર્થી દર વર્ષે નવા મિત્રો બનાવશે. અહી એકનાએક વિદ્યાર્થીને એક પાટલી પર સતત બેસવા દેતા નથી. બેસવાની પાટલી અને વિદ્યાર્થીઓ પણ બદલાય છે. અહી શાળા કક્ષાએ વાંચન, ગણિત, વિજ્ઞાન. અહી વિષય શિક્ષણ કરતા રમતગમત અને નૈતિક શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવે છે. માટે જ વસ્તી ઓછી હોવા છતાં આ દેશો ઘણી રમતમાં વિશ્વમાં નામના ધરાવે છે. જયારે આપણે એક અબજથી વધુ વસ્તીમાંથી ઓલમ્પિકમાં કેટલા મેડલ મેળવીએ છીએ ?

અહી વિદ્યાર્થીને શિક્ષા કરવાની સાફ મનાઈ છે. શિક્ષા એટલે માર મારવો કે શારીરિક શિક્ષા કરવી એટલું જ નહિ, પણ વિદ્યાર્થીને ધમકાવી પણ ન શકાય કે કોઈ અપશબ્દ પણ ન બોલી શકાય. આ નિયમ માત્ર શિક્ષકો માટે જ નથી વાલી માટે પણ આ નિયમ લાગુ પડે છે. શિક્ષક કે વાલી હળવી ટપલી પણ ના મારી શકે. અહી શાળાઓમાં વર્ષના અંતે કોઈપણ પ્રકારની પરીક્ષા નથી. એટલે કે આપણી જેમ બોર્ડની પરીક્ષાની તો વાત જ ક્યાં રહી ! અહી નાપાસ કરવાની વાત જ નથી. દરેક વર્ષના અંતે શિક્ષક દ્વારા વિદ્યાર્થીનું રીપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. જેમાં વિવિધ બાબતોમાં તેનો કેટલો વિકાસ થયેલો છે તેની નોધ હોય છે. જેમાં વિકાસનું પ્રમાણ સામાન્ય, સામાન્યથી ઓછું કે સામાન્યથી વધારે એટલું જ લખેલું હોય છે. જેની એક નકલ વિદ્યાર્થીને અને એક નકલ બીજા વર્ષે તે જે વર્ગમાં જાય છે તેના શિક્ષકને આપવામાં આવે છે. આ રીપોર્ટ કાર્ડના આધારે પછીના વર્ષે શિક્ષક તેને એ રીતે અભ્યાસ કરાવે છે. તો પ્રશ્ન એ થાય કે આગળના અભ્યાસ માટે શાળા કે કોલેજ કે યુનિવર્સિટીમાં પ્રવેશ કઈ રીતે આપવો ? તો અહી સામાન્ય રીતે કોઈ પ્રવેશ પરીક્ષા પણ નથી. બીજી એક ખાસ વાત એ છે કે, અહી બાળકને તેની ઉમરને આધારે પ્રવેશ કોઈ ચોક્કસ ધોરણમાં આપવામાં આવે છે. યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓ પોતાના રસના કે ઉપયોગી હોય અને શક્તિ હોય તેવા જ ક્ષેત્રમાં પ્રવેશ લે છે, પ્રવેશ લેતી વખતે બે વ્યક્તિનો રેફરન્સ આપવો પડે છે. કે આ વિદ્યાર્થી આ કોર્સ કરી શકે તેમ છે, તેને આ કોર્સ કરવાથી આવો ફાયદો થાય તેમ છે વગેરે. આમ છતાં કોઈ વિદ્યાર્થી શક્તિ બહારનો કોર્સ પસંદ કરે અને તેનું પરિણામ પ્રથમ વર્ષે સારું ના આવે તો તેને કોર્સ બદલાઈ દેવામાં આવે છે. મોટાભાગે બાળક ૧૫ વર્ષની ઉમરથી વેકેશનમાં નોકરી કરે છે, .અને ૧૮ વર્ષનું થાય ત્યારે તે તેના મા-બાપથી સ્વતંત્ર થઈને ઘેરથી નીકળી જાય છે, અને પોતાની રીતે પોતાના મિત્રો સાથે કે પોતાને ગમે તે રીતે રહે છે. તેઓ ગમે ત્યાં ગમે તેવી નાની-મોટી નોકરી રેસ્ટોરન્ટમાં , સુપર માર્કેટમાં કે કોઈ જગ્યાએ ક્લીનીંગ કરવા લાગે છે. આવા છોકરા કે છોકરીની ઉમર ૧૮ વર્ષ છે, તેમણે વધુમાં વધુ સેકન્ડરી કે કોલેજ કક્ષાનું શિક્ષણ લીધું હોય છે, યુનિવર્સિટી શિક્ષણ નહિ, છે, આમ ૧૬ થી ૧૮ વર્ષે મોટાભાગના છોકરા છોકરી પોતાના વાલીથી છૂટા થઈને પોતાની રીતે રહેતાં હોય છે. એટલે તેમણે ભણવાનું પણ છોડી દીધું હોય છે. તેઓ લગભગ ૮ – ૧૦ વર્ષ નોકરી કરીને પોતાની રીતે જીવતા હોય છે. ત્યારબાદ ૨૮ – ૩૦ વર્ષ પછી તેઓ વધુ પરિપક્વ બને છે, અને વિચારે છે કે ઉચ્ચ અભ્યાસ કરવો કે જે નોકરી કરે છે તે નોકરી જ કરવી. ત્યારબાદ પોતાના રસના ક્ષેત્રમાં કે પોતે શું બનવા માંગે છે કે પોતાને જેની જરૂર છે એવા ક્ષેત્રમાં વધુ અભ્યાસ કરવાનું વિચારીને ઉચ્ચશિક્ષણ મેળવવા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવે છે., અહીના નાગરિકો ૨૮ – ૩૦ વર્ષ પછી પોતાના રસના અને પોતાને ઉપયોગી થાય તેવા ક્ષેત્રમાં ઉચ્ચઅભ્યાસ કરે છે. પણ આવું બધા જ લોકો કરતા નથી. કેટલાક

તો ૫૦-૬૦ વર્ષની ઉમરે પણ જરૂર પડતા અભ્યાસ કરવા જાય છે. આપણા દેશમાં જેમ  આપણે કોલેજ શિક્ષણ પૂરું કરીને પછી જ નોકરીનો વિચાર કરીએ છીએ તેવું અહી નથી. અહી પહેલા નોકરી પછી જરૂર પડે તો અને વ્યવસાયમાં ઉપયોગી થાય તેવું જ ઉચ્ચ શિક્ષણ.મેળવે છે. માટે જ અહી ઉચ્ચ શિક્ષણ લેનારની સંખ્યા ખૂબ જ ઓછી છે. તેઓ આ બાબતમાં આપણી વ્યવસ્થાને વધારે આદર્શ માને છે. અહી  ઉચ્ચશિક્ષણ લેનાર તેમના જ દેશના વિદ્યાર્થીઓની સંખ્યા નહીવત છે, માટે જ ભારત કે અન્ય દેશના વિદ્યાર્થી ત્યાં જઈને અભ્યાસ કરે તો ઉચ્ચશિક્ષણ પછીની નોકરીની તકો ખૂબ જ છે. આ દેશોમાં વસ્તી ઓછી અને વિસ્તાર વધુ છે. જેથી સારું ભણેલાં લોકોની ખૂબ જ જરૂર છે. માટે જ આપણા દેશમાંથી ત્યાં જઈને કાયમી વસવાટ કરવાની શક્યતા વધી જાય છે. આ લેખકે કેટલીક કોલેજ  અને યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને તે સંસ્થા સાથે સારી એવી ચર્ચા કરી હતી. જો કોઈ શિક્ષકના બાળકને આ દેશોમાં અભ્યાસ કરવા માટે જવું હોય તો આ લેખક વિના મૂલ્યે સલાહ અને સગવડતા કરી આપશે. ધોરણ ૧૨ પછી ગમે ત્યારે અભ્યાસ કરવા જઈ શકાય છે. અહી જેટલું ભણ્યા હોવ તે પછીના વર્ષમાં પ્રવેશ લેવાનો થાય છે. અંતે અહી ભણીને સ્થાયી થવાની તકો સારી છે, કોઈ શિક્ષકને પોતાના બાળક માટે વધુ સલાહ જોઈએ તો આ લેખકનો રૂબરૂ સંપર્ક કરી શકે છે.

ડો.અશોક પટેલ –અમદાવાદ
dr.ashokpatel@gmail.com
મો. ૯૪૨૬૦૦૪૫૪૨